Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science
ISSN: 2279 - 0241
Continuous issue-18 | August – September 2015

# નર્મદનું ઈતિહાસલેખન : 'રાજયરંગ'

અર્વાચીન ગુજરાતી કવિતાનો આદ્યકવિ,પ્રથમ ગદ્યકાર, આત્મકથાનો પ્રયોગ કરનાર પ્રથમ સત્યનિષ્ઠ આત્મકથાકાર,પ્રથમ મુલ્યનિષ્ઠ પત્રકાર,મહાકાવ્યનો પ્રયોગ કરનાર પ્રથમ સાહસિક કવિ, ગુજરાતી ભાષાનો કોશ રચનાર પ્રથમ કોશકાર સ્વદેશાભિમાનની વિભાવના આપનાર નર્મદ પહેલો છે.આવી અનેક બાબતોમાં પહેલ કરનાર સમયમૂર્તિ નર્મદ છે.તેમ વિશ્વ ઈતિહાસને પ્રથમ વાર ગુજરાતી ભાષામાં ઉતારનાર **'રાજયરંગ'** નો કર્તા પ્રથમ ઈતિહાસકાર પણ નર્મદ જ છે.ગુજરાતી સાહિત્યના નિર્ભીક સ્પષ્ટ વક્તા અને નવા વિચારોના અગ્રદૂત એવા વીર નર્મદનું વ્યાપક દર્શન એટલે નર્મદને ઇતિહાસકાર અને ઈતિહાસના અભ્યાસી તરીકે પણ મૂલવવા.

પદ્મશ્રી કટાર લેખક કુમારપાળ દેસાઈ નર્મદના ઈતિહાસલેખન સંદર્ભે યથાર્થ જ કહ્યું છે કે નર્મદને આપણે અન્યાય જ કર્યો છે એની કવિતા,નિબંધ અને તેના આત્મચરિત્રનું ખુબ મહિમાગાન કર્યું.પરંતુ તેની ઈતિહાસદ્રષ્ટિ અને ઈતિહાસલેખનને જોવાનો કે નોંધવાનો પ્રયત્ન સુદ્ધા કર્યો નથી.

"યા હોમ કરીને પડો,ફતેહ છે આગે" ગાનારો આ ઉત્સાહમૂર્તિ નર્મદ સમગ્ર વિશ્વના ઈતિહાસને આલેખવાનું સહાસ કરે છે. નર્મદની ઈતિહાસની વિભાવના આધુનિક ઈતિહાસની વિભાવના સાથે મહદ અંશે મળતી આવે છે. પોતાના ઈતિહાસ ગ્રંથ રાજયરંગમાં માત્ર રાજા મહારાજાઓની કથા કે વર્ણનો ન કરતા માનવીને કેન્દ્રમાં રાખી ઈતિહાસ લેખન કર્યું છે. ગુજરાતી ભાષામાં ૧૮૦૮ થી ૧૮૬૭ સુધીમાં મળતા ઇતિહાસના ૫૪ પુસ્તકોમાં ગુજરાત,મહારાષ્ટ્ર,રાજસ્થાનનો ઈતિહાસ કે ભાવનગરના રાજાઓનો વંશાવલી અને શેર-સટ્ટાની તવારીખો જેવા પુસ્તકો મળે છે.જયારે નર્મદે રાજયરંગમાં ૫૦૦૦ વર્ષનો ઈતિહાસ આલેખ્યો છે. ગુજરાતી ભાષામાં લખાયેલ વિશ્વ ઈતિહાસનો પ્રથમ ગ્રંથ "રાજયરંગ"ની રચના વીર નર્મદે ઈ.સ.૧૮૭૧-૧૮૭૬ દરમ્યાન કરી કરી હતી.

નર્મદ સાહિત્યનું સંપાદન કરનાર શ્રી રમેશ શુક્લના શબ્દોમાં કહીએ તો 'રાજયરંગ ગુજરાતી ભાષામાં લખાયેલો જગતનો પ્રથમ વ્યવસ્થિત ઈતિહાસ છે. તો પ્રો. કેશવલાલ કામદાર નર્મદના ઈતિહાસ લેખન કાર્યને એચ.જી.વેલ્સનું કર્તવ્ય તરીકે બિરદાવ્યો છે. નર્મદ આ ભગીરથ કાર્ય એ સમયે કરે છે જયારે ઈતિહાસ વિશે શિક્ષિત વર્ગમાં પણ બહુ થોડા

લોકોને તેની સમજણ હતી, એવે સમયે નર્મદ અર્વાચીન સમયના ૨૦૦ થી વધુ ગ્રંથોનો અભ્યાસ કરી 'રાજયરંગ' લખે છે.એ કોઈ નાની ઘટના નથી.

ઈતિહાસનો મહિમા ગાતાં નર્મદ લખે છે:

" ઈતિહાસો વાંચવાથી ઝાઝા ભકિતમર્મ સમજાયે,
શૌર્ય પરાક્રમ પ્રગટ તાહરે થયેથી જશ લેવાયે"

ઈતિહાસ પુરુષનું ઈતિહાસ દર્શન શીર્ષક તળે રાજયરંગની પ્રસ્તાવનામાં શ્રી રમેશ શુક્લ નોંધે છે કે, " ગુજરાતી પ્રજાના મનમાં નર્મદની પ્રતિમા-પ્રતિષ્ઠા મુખ્યત્વ: કવિ-સાહીત્યકાર કે સમાજ સુધારકની છે.પણ નર્મદ માત્ર સાહિત્યકાર કે સમાજસુધારક જ ન હતો. તે યુગપુરુષ, યુગાત્મા હતો.આવો માણસ માનવજાતિના પુરુષાર્થનાં અન્ય ક્ષેત્રોની પ્રવૃત્તિ અને પ્રવાહોથી ભાગ્યે જ અસ્પૃષ્ટ રહી શકે. ડાંડિયો,નર્મગદ્ય,રાજયરંગ જેવા ગ્રંથો નર્મદના યુગપુરૂષ તરીકેના વ્યક્તિત્વના પરિચાયક બની રહે છે. સાહિત્ય ઉપરાંત ધર્મ,ઈતિહાસ, અર્થકારણ ,સંસ્કૃતિ, સમાજ , રાજનીતિ.,નીતિશાસ્ત્ર જેવા માનવપ્રવૃત્તિના ક્ષેત્રોમાં એનો રસ અને પ્રદાનની પ્રતીતિ રાજયરંગ જેવા ગ્રંથથી સુપેરે થાય છે.

રાજયરંગ માત્ર જગતના વિવિધ દેશોના રાજયોના સત્તાવિષયક આલેખનનો ગ્રંથ નથી. એમાં નર્મદની ઈતિહાસબુદ્ધિએ અદ્દભુત કામ કર્યું છે. ઈ.સ.૧૮૭૪માં નર્મદે રાજયરંગના દર્શન ગુજરાતને કરાવ્યાં. રાજયરંગથી તેણે આખી દુનિયાનું જ્ઞાન ગુજરાતને કરાવ્યું. રાજયરંગની પ્રસ્તાવનામાં તેણે પોતાની ગ્રંથ માટેની અભિલાષા,પોતાનું કર્તવ્યની પવિત્રતા અને મહત્તા, દેશને તેની ઉપયોગીતા અને પોતાની વિવેચક તરીકેની સિદ્ધ થએલી સમર્થતા દર્શાવાનો પ્રયત્ન કર્યો છે. નર્મદ રાજયરંગનો આરંભ " એક છે; અનેક છે; નિવર્તે છે, પ્રવર્તે છે, આનંદે છે" એ પ્રસિદ્ધ વચનોથી કરે છે. નર્મદ રાજયરંગની પ્રસ્તાવનામાં આ સુત્રને સમજાવતા લખે છે કે "કાળે કાળે અનેક રાજયો થપાયાં ને લય પામ્યાં-કેવી રીતે મંડાયા,કેવા શોભ્યાને કેમ ક્ષય પામ્યાં-પાછાં નવાં થયાં, દીપ્યાંને ગયા,-એ રૂપાંતરોનાં જે વિધ વિધ દર્શન તે રાજયરંગ છે; અને એ રંગનો કાંઇક ભાસ નિત્ય-સ્મરણમાં રહે માટે આ ચિત્રપટ છે, ને એને પણ હું રાજયરંગ કહું છઉં." આ વિધાન નર્મદનાં ઈતિહાસ દર્શનની પ્રતિતી કરાવે છે. આ વિધાન નર્મદમાં ઇ.સ. ૧૮૫૭ ના દેશવ્યાપી બળવાથી વ્યાપેલી નિરાશાનું અને અંગ્રજ શાસનની સાર્થકતાનું દ્યોતક છે.

નર્મદે જગતના દેશોનો અલગ અલગ ઈતિહાસ આલેખ્યો નથી. પરંતુ પ્રલયકાળથી ઈ.સ.૧૮૫૮ સુધીના સમયને તેણે ૧૬ દર્શનોમાં અને તે દર્શનોને મહાદર્શનોમાં વિભાજિત કર્યા છે. તેણે ઈતિહાસને સત્યયુગ, ત્રેતા યુગ, દ્વાપર યુગ, અને કલિયુગ એ ચાર યુગોમાં વિભાજિત કર્યો છે. અને દરેક ભાગ જુદા જુદા દર્શનોમાં ચર્ચવામાં આવ્યો છે. છેલ્લા દર્શનમાં ઓગણીસમી સદીનો ઈ.સ.૧૮૬૬ સુધીનો જગતનો ઈતિહાસ આપવામાં આવ્યો છે. આ પ્રાકૃત દર્શનો પછી સંસ્કૃતિના મહાદર્શનો બતાવવાનો પ્રયાસ કર્યો છે. જેમાં પ્રથમ દર્શન જ પુરૂ થયેલ છે. જેમાં સંસ્કૃતિનાં વિકાસનું,

તેની અવનીતિનું અને તેના ખરા સ્વરૂપનું વિવરણ કરવામાં આવ્યું છે. આ મહાદર્શનોને ધર્મમૂર્તિકાળ(પ્રલયથી ઈ.સ.પૂર્વે ૭૭૬ સુધી) કામમૂર્તિકાળ(ઈ.સ.પૂર્વે.૭૭૬ થી ઈ.સ.પૂર્વે ૩૨૩ સુધી) અને અર્થમૂર્તિકાળ (ઈ.સ.પૂર્વે ૩૨૩ થી ઈ.સ. ૪૭૬ સુધી). છેવટે મહાકાળ સ્વરૂપ બતાવી નર્મદે રાજયરંગ અધુરો પડતો મુકયો હોય એમ જણાય છે.

આ અદભુત આલેખનમાં દરેક દર્શનમાં રાજકીય પરિસ્થિતિને કેન્દ્રમાં રાખી જે તે સમયે જે તે દેશમાં પ્રવર્તમાન સભ્યતા અને સંસ્કૃતિના મુખ્ય લક્ષણો તારવવા પ્રયાસ કર્યો છે.દર્શનો અને મહાદર્શનોમાં રાજયવ્યવસ્થા, રાજનીતિ, યુદ્ધવિદ્યા, ન્યાયના ધોરણો અને વ્યવસ્થા, સમાજવ્યવસ્થા, રીતિરીવાજો, અર્થવ્યવસ્થા, ખેતી, ઉદ્યોગો, શિલ્પસ્થાપત્ય, કલાઓ, સાહિત્ય, ધર્મ-ઉપાસના-તત્વજ્ઞાન વગેરેની પણ નર્મદે ચર્ચા કરી છે. જયારે મહાદર્શનોમાં માત્ર ઈતિહાસની ફિલોસોફી વર્ણવી છે. ઈતિહાસ વિષયમાં આવો પ્રચંડ પુરુષાર્થ કરનાર નર્મદ ગુજરાતમાં તો પહેલો ખરો જ પણ આપણી અન્ય ભાષાઓમાં પણ એના સમયમાં આવો પુરુષાર્થ કરનાર વિરલ જ હશે.

નવું સર્જન કરવાના ઉત્સાહમાં નર્મદ ઉતાવળ કરે છે. રાજયરંગમાં નર્મદે સુકો, લુખો અને ક્રમબદ્ધતા વગરનો ઈતિહાસ લખ્યો છે. જ્યાં ત્યાં હકીકતો કાર્યકારણની સમજુતી વગર અને સત્યતા ચકાસણી કર્યા વગર ભરી દેવામાં આવી છે. ઈતિહાસકારની તટસ્થતાનો પણ અભાવ જોવા મળે છે. જુદા જુદા દેશોના ઈતિહાસને એક સામટું આપવાની ઉતાવળમાં જે તે રાષ્ટ્રના ઇતિહાસની એકસુત્રતા તોડી નાખી છે. ઇતિહાસની ઘટનાની સમાજ જીવન કે માનવ જીવન પર કેવી અસર પડી એનું આલેખન પણ ખુબ અલ્પ કર્યું છે.ઇતિહાસના જુના વિચારોને ઘણી જગ્યા એ પુનરાવર્તન પણ કર્યા છે. આમ નર્મદના રાજયરંગમાં ઘણી ખામીઓ અને ભૂલો રહી જવા પામી હોઈ એવું જોવા મળે છે.

આમ છતાં ઈ.સ.ની ૧૯મી સદીમાં રાજયરંગમાં આપણા દેશના ઇતિહાસનું જેટલું વિવેચન થયું છે. એટલું વિવેચન કોઈ ગુજરાતી પુસ્તકમાં થયું નથી. મનુભાઈ પંચોલીના શબ્દોમાં કહીએ તો એક તો આપનું ઈતિહાસજ્ઞાન ઓછું છે.અને તેમાં પણ ભારતીય સમાજ પાસે ઈતિહાસદ્રષ્ટિની ઓળખ નથી.આ સંદર્ભે કહી શકાય કે એવે સમયે નર્મદના આ ઈતિહાસ કાર્યનું યોગ્ય મૂલ્યાંકન થાય તો જ ‘ જય જય ગરવી ગુજરાત’ ના સર્જકને કઇંક અંશે યોગ્ય રીતે સમજી શક્યા એમ કહેવાય.

## સંદર્ભ સૂચી:

(૧) દવે નર્મદાશંકર લા, સં.રમેશ મ.શુકલ, રાજયરંગ (જગતનો ઈતિહાસ સંપૂર્ણ),કવિનર્મદ યુગાવર્ત ટ્રસ્ટ,સુરત ,૧૯૯૭

(૨) દવે નર્મદાશંકર લા, ‘નર્મ ગદ્ય’, પ્રકાશક-હરિભાઈ રા. દેસાઈ,પ્રેમાનંદ સાહિત્ય સભા,વડોદરા-૧૯૭૫

(૩) કામદાર કેશવલાલ એચ,સ્વાધ્યાય –પ્રથમ ખંડ,આર.આર.શેઠની કંપની, મુંબઈ, ૧૯૩૯

(૪) સં.મહેતા દિપક, નર્મદની શબ્દસૃષ્ટિ, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૧૦

(૫) દેસાઈ કુમારપાળ , ગુજરાત સમાચાર રવિપૂર્તિ, પારિજાતના પુષ્પો,તા:૦૩/૧૦/૨૦૧૫

(૬) મુનશી કનૈયાલાલ મ., 'નર્મદ: અર્વાચીનમાં આદ્ય', આર.આર.શેઠની કંપની,મુંબઈ

(૭) દક્ષિણાયન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ મુખપત્ર,-સપ્ટેમ્બર-૨૦૧૦,vol.2,issue-42

*************************************************************

**પ્રા.પ્રદ્યુમનસિંહ જી. મહિડા**

**મદદનીશ પ્રાધ્યાપક ઈતિહાસ,**

**સરકારી વિનયન કોલેજ,ઝઘડીયા જિ: ભરૂચ**

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat